प्रेस प्रकाशन
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 16 ઓક્ટોબર 2017

## બેન્કીંગ હિન્દી ના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ લખાણો માટે એવોર્ડ

બેન્કીંગ હિન્દીમાં મૂળ લખાણો અને સંશોધન ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય થી, ભારતીય રિઝર્વ બેન્કે "બેન્કીંગ હિન્દી ના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ લખાણો માટે એવોર્ડ યોજના" શરુ કરેલી છે. આ યોજના હેઠળ, ભારતીય યુનિવર્સીટીઓ ના પ્રોફેસરો (સહાયક અને એસોસિયેટ સહિત) ને અર્થશાસ્ત્ર / બેન્કીંગ/ નાણાકીય વિષયો પર મૂળ હિન્દી માં પુસ્તકો લખવા માટે રૂપિયા 1,25,000.00 (રૂપિયા એક લાખ પચીસ હજાર) નું એક એવા ત્રણ ઈનામો આપી શકાશે. યોજનાની વિસ્તૃત માહિતી અનુબંધ (Annex) માં આપેલી છે. આ યોજના માં ભાગ લેવા ઈચ્છતા તમામ પ્રોફેસરો ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની પ્રવેશ અરજીઓ નિર્ધારિત પ્રારૂપમાં પ્રભારી ઉપ મહાપ્રબંધક, ભારતીય રિઝર્વ બેંક, રાજભાષા વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, સી-9, બીજો માળ, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષ, મુંબઈ-400051 ને 15 ડીસેમ્બર 2017 ના સાંજ ના 05:00 કલાક સુધીમાં કે તે અગાઉ પ્રસ્તુત કરે.

શૈલજા સિંઘ
સહાયક મહાપ્રબંધક

**પ્રેસ પ્રકાશન : 2017-2018 /1050**

**<u>અનુબંધ</u>**

## રાજભાષા વિભાગ

## બેન્કીંગ હિન્દી ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન અંગે શ્રેષ્ઠતા એવોર્ડ-નામાંકન માટે આમંત્રણ

અર્થશાસ્ત્ર / બેન્કીંગ/ નાણાકીય ક્ષેત્રમાં હિન્દીમાં મૂળ અને ઉત્કૃષ્ટ લખાણોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી, ભારતીય રિઝર્વ બેન્કે એક નવી યોજના "બેન્કીંગ હિન્દી ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન અંગે શ્રેષ્ઠતા એવોર્ડ" શરુ કરેલી છે. નામાંકન મંગાવવા માટેના માપદંડો નીચે પ્રમાણે છે:-

1. **<u>પાત્રતા:</u>**

(અ) ભારતીય યુનિવર્સીટીઓ ના પ્રોફેસરો (સહાયક અને એસોસિયેટ સહિત), કે જેમણે ઓછામાં ઓછું લઘુત્તમ 200 પાનાનું એક પુસ્તક મૂળરૂપે હિન્દીમાં અર્થશાસ્ત્ર / બેન્કીંગ/ નાણાકીય વિષય પર લખેલું હોય, તેઓ આ એવોર્ડ માટે પાત્ર / લાયક ગણાશે.

(બ) ઉપર ફકરા (અ) માં સમાવિષ્ટ વિષયો પર છેલ્લા ત્રણ વર્ષ (01 જુલાઈ 2014 થી 30 જૂન 2017) દરમ્યાન લખેલા પુસ્તકો આ એવોર્ડ માટે ધ્યાનમાં લેવામાં આવશે.

(ક) એકવાર એવોર્ડ પ્રાપ્ત કરનાર વ્યક્તિ અંગે પછીના પાંચ વર્ષ સુધી વિચારણા કરવામાં આવશે નહી.

2. **<u>મૂલ્યાંકન સમિતિ:</u>**

(અ) યુનિવર્સિટીઓમાંથી બે (2) અધ્યાપકો અર્થશાસ્ત્ર / બેન્કીંગ/ નાણાકીય વિષયના અને એક (1) હિન્દી સાહિત્ય/ ભાષાશાસ્ત્ર. સૌથી વરિષ્ઠ પ્રાધ્યાપક પ્રમુખ સ્થાને રહેશે.

(બ) પ્રભારી ઉપ મુખ્યમહાપ્રબંધક, રાજભાષા વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, ભારતીય રિઝર્વ બેંક, મુંબઈ સમિતિના સભ્ય સચિવ રહેશે.

(ક) રાજભાષા વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, ભારતીય રિઝર્વ બેંક આ સમિતિ માટે સચિવાલય તરીકે કાર્ય કરશે.

3. **<u>મૂલ્યાંકન પદ્ધતિ:</u>**

(અ) અરજદારો તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો પ્રમુખ અને સમિતિના સભ્યોને વિચારણા માટે મોકલવામાં આવશે.

(બ) અર્થશાસ્ત્ર / બેન્કીંગ/ નાણાકીય ક્ષેત્રના અધ્યાપકો પુસ્તકોનું વિષય-વસ્તુ તપાસશે અને હિન્દી/ ભાષાશાસ્ત્ર ના પ્રાધ્યાપક ભાષા તથા શૈલી તપાસશે.

(ક) વિષય-વસ્તુ માટેનો ભારાંક 60% રહેશે અને ભાષા તથા શૈલી માટેનો ભારાંક 40% રહેશે.

4. **એવોર્ડ ની સંખ્યા:** મહત્તમ ત્રણ (3)

**5. ઈનામની રકમ:** પ્રત્યેક રૂપિયા 1,25,000.00 (રૂપિયા એક લાખ પચીસ હજાર)

આ યોજનામાં ભાગ લેવા ઈચ્છતા તમામ પ્રાધ્યાપકો ને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ નિર્ધારિત પ્રારૂપમાં (સંલગ્ન) તેમનું નામાંકન પ્રત્યેક પુસ્તકની પાંચ નકલો સાથે મોડામાં મોડા 15 ડીસેમ્બર 2017 સુધીમાં પ્રસ્તુત કરે. વિલંબિત / અપૂર્ણ નામાંકનો ને ધ્યાનમાં લેવામાં આવશે નહી. એવોર્ડ અંગે લેવાયેલ નિર્ણય બેંક ની વેબ-સાઈટ www.rbi.org.in પર દર્શાવવામાં આવશે અને વિજેતાઓને પણ વ્યક્તિગત રીતે જાણ કરવામાં આવશે. આ સંદર્ભમાં અરજદારો તરફથી કોઈપણ પ્રકારના સીધા પત્રવ્યવહાર પર ધ્યાન આપવામાં આવશે નહી. વિજેતાઓને ભારતીય રિઝર્વ બેંક દ્વારા આયોજિત વાર્ષિક રાજભાષા શિલ્ડ સમારોહમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે.